જા.નં./ડી.એસ.ડી.ઓ./ખે.મ.કું૨૦૨૫/રાજ્યકક્ષા/૨૦૨૫-૨૬/૫૧૫થી૫૪૮ તા.૩૦/૦૧/૨૦૨૬

પ્રતિશ્રી,

જિલ્લા રમત ગમત અધિકારી,

**<u>સુધારો</u>**

જિલ્લા રમત વિકાસ અધિકારી,

તમામ, ગુજરાત રાજ્ય,

વિષય : ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષાની વેઇટલીફ્ટીંગ અં.૧૭ / ઓપન એઈજ (ભાઈઓ/બહેનો)ની સ્પર્ધામાં ભાગ લેવા બાબત.

સંદર્ભ : એસ.એ.જી/ખે.મ.કું ૨૦૨૫/૨૦૨૫-૨૬ ૪૭૪૪૭ થી ૪૭૫૫૨ તા.૨૪/૧૨/૨૦૨૫

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષાની અં.૧૭ અને ઓપન એઈજ (ભાઈઓ/બહેનો) વેઇટલીફ્ટીંગ સ્પર્ધાનું આયોજન જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જુનાગઢ કચેરી ખાતે તા.૧૫/૦૨/૨૦૨૬ થી તા.૧૯/૦૨/૨૦૨૬ દરમ્યાન નીચે મુજબ તારીખે અને સ્થળે યોજાનાર છે. જેથી આપના જિલ્લાની ભાગ લેનાર ટીમોની ઓનલાઈન એન્ટ્રી તા.૦૬/૦૨/૨૦૨૬ સુધીમાં dsdo-junagadh@gujarat.gov.in ઉપર મોકલી આપી નીચે મુજબના વિગતવાર કાર્યક્રમની જાણ ભાગ લેનાર ખેલાડી, કોચ/મેનેજરશ્રીને કરવાની રહેશે.

**સ્પર્ધા તારીખ :** તા.૧૫/૦૨/૨૦૨૬ થી તા.૧૯/૦૨/૨૦૨૬

**સ્પર્ધા/રિપોટીગ સ્થળ :** સરદાર પટેલ રમત સંકૂલ, ગાંધીગ્રામ, જુનાગઢ

**કોચ મેનેજર મિટિંગ :** રીપોટીંગ તારીખે સાંજે ૦૫:૦૦ કલાકે

**સંપર્ક નંબર :** (૧) ચિરાગભાઈ ચુડાસમા – ૮૩૨૦૦ ૬૨૩૪૩

(૨) રાહુલભાઈ ઝાપડિયા – ૮૧૪૧૧ ૦૭૬૭૪

**નોંધ :** (૧) ખેલાડીઓના વજન સમય : **સવારે ૦૮:૦૦ થી ૧૦:૦૦** કલાક સુધી

(૨) ભાગ લેનાર ટીમની ડીટેઇલ એન્ટ્રી સમયસર મોકલવામાં નહી આવે તથા રીપોટીંગ તારીખ અને સમય પ્રમાણે હાજર રહેશે નહી તો તેવા સંજોગોમાં આવી ટીમને સ્પર્ધામાં ભાગ લેવા માન્ય ગણવામાં નહી આવે અને તેની સંપૂર્ણ જવાબદારી જે તે ટીમના કોચ/મેનેજર અને જિલ્લા અધિકારીશ્રીની રહેશે.

## ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષા વેઈટલીફટીંગ અં.૧૭/ ઓપન એઈજ (ભાઈઓ/બહેનો) સ્પર્ધા કાર્યક્રમ

| ક્રમ | વય જૂથ | રિપોટીંગ તારીખ, સમય સ્થળ | સ્પર્ધા તારીખ અને વજન | સ્પર્ધા સમય અને સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | અં-૧૭ ભાઈઓ | તા.૧૫/૦૨/૨૦૨૬ સાંજે ૦૫:૦૦ કલાક સુધી સરદાર પટેલ રમત સંકુલ, ગાંધીગ્રામ, જુનાગઢ | તા:૧૬/૦૨/૨૦૨૬ વજન: સવારે ૦૮ થી ૧૦ | સવારે ૧૦:૦૦ કલાકે સરદાર પટેલ રમત સંકૂલ, જુનાગઢ |
| ૨ | ઓપન એઈજ ભાઈઓ | તા.૧૬/૦૨/૨૦૨૬ સાંજે ૦૫:૦૦ કલાક સુધી સરદાર પટેલ રમત સંકુલ, ગાંધીગ્રામ, જુનાગઢ | તા:૧૭/૦૨/૨૦૨૬ વજન: સવારે ૦૮ થી ૧૦ | સવારે ૧૦:૦૦ કલાકે સરદાર પટેલ રમત સંકૂલ, જુનાગઢ |
| ૩ | અં-૧૭ બહેનો | તા.૧૭/૦૨/૨૦૨૬ સાંજે ૦૫:૦૦ કલાક સુધી સરદાર પટેલ રમત સંકુલ, ગાંધીગ્રામ, જુનાગઢ | તા:૧૮/૦૨/૨૦૨૬ વજન: સવારે ૦૮ થી ૧૦ | સવારે ૧૦:૦૦ કલાકે સરદાર પટેલ રમત સંકૂલ, જુનાગઢ |
| ૪ | ઓપન એઈજ બહેનો | તા.૧૮/૦૨/૨૦૨૬ સાંજે ૦૫:૦૦ કલાક સુધી સરદાર પટેલ રમત સંકુલ, ગાંધીગ્રામ, જુનાગઢ | તા:૧૯/૦૨/૨૦૨૬ વજન: સવારે ૦૮ થી ૧૦ | સવારે ૧૦:૦૦ કલાકે સરદાર પટેલ રમત સંકૂલ, જુનાગઢ |

### વેઈટલીફ્ટીંગ સ્પર્ધાના વજન કેટેગરીની માહિતી ઓનપ એઈજ (ભાઈઓ/બહેનો)

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભાઈઓ | ૫૫ કિગ્રા સુધી | ૬૧ કિગ્રા | ૬૭ કિગ્રા | ૭૩ કિગ્રા | ૮૧ કિગ્રા | ૮૯ કિગ્રા | ૯૬ કિગ્રા | ૧૦૨ કિગ્રા | ૧૦૯ કિગ્રા | ૧૦૯ કિગ્રા થી ઉપર |
| બહેનો | ૪૫ કિગ્રા સુધી | ૪૯ કિગ્રા | ૫૫ કિગ્રા | ૫૯ કિગ્રા | ૬૪ કિગ્રા | ૭૧ કિગ્રા | ૭૬ કિગ્રા | ૮૧ કિગ્રા | ૮૭ કિગ્રા | ૮૭ કિગ્રા થી ઉપર |

### વેઈટલીફ્ટીંગ સ્પર્ધાના વજન કેટેગરીની માહિતી અં-૧૭ (ભાઈઓ/બહેનો)

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભાઈઓ | ૪૯ કિગ્રા સુધી | ૫૫ કિગ્રા | ૬૧ કિગ્રા | ૬૭ કિગ્રા | ૭૩ કિગ્રા | ૮૧ કિગ્રા | ૮૯ કિગ્રા | ૯૬ કિગ્રા | ૧૦૨ કિગ્રા | ૧૦૨ કિગ્રા થી ઉપર |
| બહેનો | ૪૦ કિગ્રા સુધી | ૪૫ કિગ્રા | ૪૯ કિગ્રા | ૫૫ કિગ્રા | ૫૯ કિગ્રા | ૬૪ કિગ્રા | ૭૧ કિગ્રા | ૭૬ કિગ્રા | ૮૧ કિગ્રા | ૮૧ કિગ્રા થી ઉપર |

**સ્પર્ધામાં આવનાર ખેલાડીઓએ KMK રીસીપ્ટ, આધાર કાર્ડ તથા બેન્કની ડીટેલ લાવવાની રહેશે.**

## અગત્યની સૂચનાઓ

(૧) ખેલાડીઓનું ખેલ મહાકુંભ ૨૦૨૫ નું એલીજીબીલીટી ફોર્મ ફોટા સાથે જે-તે શાળાના પ્રિન્સિપાલના સહી સિક્કા અને જે-તે જિલ્લા ના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી/જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી સિક્કા સાથે એલીજીબીલીટી ફોર્મ રજૂ કરવાનું રહેશે.

(૨) ઓનલાઈન KMK ID નંબર વાળા સ્પર્ધકોને જ ભાગ લેવા દેવામાં આવશે.

(૩) સ્પર્ધા સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.

(૪) રમતને અનુરૂપ ગણવેશ સાથે લાવવાનો રહેશે.

(૫) પંચના નિર્ણય આખરી અને સર્વને બંધન કરતા રહેશે.

(૬) ખેલાડીઓને સ્પર્ધામાં લઈ જતાં પહેલા વાલીનું સંમતિ પત્ર લેવાનું રહેશે.

(૭) ખેલાડી તથા કોચ/મેનેજરને જ નિવાસ અને ભોજન પુરૂ પાડવામાં આવશે. (વાલીગણને નહી)

(૮) તમામ ખેલાડીઓએ ઓરીજનલ આધારકાર્ડ અને સ્કૂલ બોનોફાઈડ સર્ટિ ફરજિયાત સાથે લાવવાના રહેશે.

(૯) ખેલાડીઓએ કીમતી સામાન મોબાઈલ જેવા ઉપકારણો સાથે ન લાવવા જણાવવું અન્યથા પોતાની જવાબદારી ગણાશે.

| | |
|---|---|
| જિલ્લા રમત વિકાસ અધિકારી<br>જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર<br>જુનાગઢ | જિલ્લા રમત ગમત અધિકારી<br>જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર<br>જુનાગઢ |

**સવિનય નકલ રવાના :**

૧. માનનીય અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશ તરફ માન. અગ્ર સચિવશ્રીના માયાળુ ધ્યાને મૂકવા સારું
૨. માનનીય મહાનિદર્શકશ્રીના અંગત મદદનીશ તરફ માન. મહાનિર્દેશકશ્રી(એસ.એ.જી)ના માયાળુ ધ્યાને મૂકવા સારું
૩. માનનીય કલેક્ટરશ્રી, જુનાગઢના અંગત મદદનીશ તરફ માન. કલેક્ટરશ્રીને જાણ કરવા સારું
૪. માનનીય કમિશનરશ્રી, જુનાગઢના અંગત મદદનીશ તરફ માન. કમિશનરશ્રીને જાણ કરવા સારું
૫. માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢના અંગત મદદનીશ તરફ માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રીને જાણ કરવા સારું
૬. માનનીય જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના અંગત મદદનીશ તરફ માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને જાણ કરવા સારું
૭. સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૮. મુખ્ય કોચશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૯. સચિવશ્રી, રાજ્ય રમત ગમત પરીષદ, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવુતીઓ, ગાંધીનગર
૧૦. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જુનાગઢ
૧૧. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જુનાગઢ
૧૨. નાયબ માહિતી નિયામકશ્રી, જુનાગઢ (વિનામુલ્યે અખબારી યાદી પ્રસિદ્ધ કરવા સારું)
૧૩. પ્રમુખશ્રી, વેઈટ લીફ્ટીંગ એસોસિયેશન (ટેકનિકલ ઓફિસિયલની નિમણૂંક કરવા સારું)
૧૪. પ્રમુખશ્રી/મંત્રીશ્રી, વ્યાયામ શિક્ષક સંઘ, જુનાગઢ

**રીપોર્ટીંગ / સ્પર્ધા સ્થળ: સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ગાંધીગ્રામ, જુનાગઢ**